જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૯/૨૦૧૮ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી,૬૦૯ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ કાર અને ૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૩/૧૮**

**વટવાઃ** અખીલેશભાઇ પ્રસન્નગોપાલ શર્મા (ઉ.વ.૬૩)(રહે,રત્નશીખર એપાર્ટમેન્ટ પદ્માવતી બંગ્લોઝ સામે પીપલોદ સુરત તથા નિગમ સોસાયટી વટવા) એ તા.૧૨/૯/૧૮ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર/૧૭ થી તા.૦૮/૧૨/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રૂષભ મહેરા (રહે, દિલ્હી) તથા જીતેન્દ્ર યાદવે અખીલેશભાઇના પિતા પ્રસન્નગોપાલ બાલમુકુંદ શર્મા (ઉ.વ.૮૯) ના મોબાઈલ ફોન ઉપર અવાર-નવાર ફોન કરી જણાવેલ કે “હવે તમારી તબીયત સારી રહેતી ન હોય જેથી તમારા વિમામાં નોમીની તરીકે કોઈ એકનુ નામ દાખલ કરવુ પડશે અને તેના અલગથી રૂપિયા ૭૫,૦૦૦/- ભરવા પડશે” તેમ કહી વિશ્વાસમાં લઈ વિમા ઉતારવાના બહાના હેઠળ જીતેન્દ્ર યાદવના ICICI બેન્કના ખાતામાં કુલ રૂપિયા ૧,૬૫,૦૦૦/- ટ્રાન્સફર કરાવી, વિમાને લગતા કાગળો નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

**નિકોલઃ** જયોતીબહેન જયેશભાઇ કાનાણી (રહે,જયરથ બંગલોઝ હેવનપાર્ક સામે રામદેવનગર સેટેલાઇટ) એ તા.૧૨/૯/૧૮ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ હરીદર્શન રોડ અક્ષર આર્કેડ ચોથો માળે આવેલ ઓફીસ નંબર ૪૧૩ ખાતે (૧) વન્દનાબેન શ્રીવાસ્તવ (૨) ઉત્કર્ષ શ્રીવાસ્તવ અને (૩) ડોલી ઉત્કર્ષ શ્રીવાસ્તવ (રહે, સત્વ- ૪ બંગ્લોઝ હંસપુરા નરોડા દહેગામ રોડ નરોડા) એ ભેગામળી મેહક ઇન્ડીયા બેનેફીટ નિધી નામની કંપની શરૂ કરી, “કંપનીમાં રોકાણ કરનારને સારૂ વળતર મળશે” તેમ જણાવી, જ્યોતીબહેનને વિશ્વાસમા લઇ, તેમને કંપનીમાં રોકાણ કરાવી, તેઓના કબજાની હુંડાઇ ક્રેટા ગાડી નંબર યુપી.૩૨.જીજે.૪૨૪૨ ના વેચાણના બાકી રૂપિયા ૫,૦૦,૦૦૦/- નહી આપી ગાડી પરત લઇ જઇ તેમજ બાકીના રૂપિયા ૨૭,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૨,૫૦,૦૦૦/- આજદીન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**નવરંગપુરાઃ** સુનીલભાઇ પુરુષોતમદાસ સબનાની (રહે.અનુરાગ બંગ્લોઝ નંબર-૪, શ્યામ વિહાર બંગ્લાની પાછળ શીલજ રોડ થલતેજ) એ તા.૧૨/૯/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૮ થી તા.૨૦/૭/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોહનલાલ શ્રીચંદ બલવાણી (રહે,ઓલ્ડ જી વોર્ડ એમ.જી.સ્કુલ પાછળ કુબેરનગર) એ સુનીલભાઇને વિશ્વાસમાં લઈ, નવરંગપુરા સી.જી.રોડ ગીરીશ કોલ્ડ્રીંગ્સ સામે આવેલ અમોલા ચેમ્બર્સની દુકાન નંબર ૮ થી ૧૧ અનુરાગ ફેબ્રીકસ નામની સુનીલભાઇની દુકાન ખાતેથી લેડીઝ કુર્તીનો માલ કિમત રૂપિયા ૧૮,૬૫,૯૪૧/- લઈ જઈ આજદીન સુધી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૮૪/૧૮</u>**

**માધવપુરાઃ** જીતેન્દ્રકુમાર વિરારામજી સૈન (ઉ.વ.૩૪) (રહે. હરીઓમ એપાર્ટમેન્ટ વ્યાસવાડી રોડ નવા વાડજ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૯/૧૮ કલાક ૧૧/૪૫ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન નવા વાડજ વ્યાસવાડી બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ થી બસમાં બેસી દિલ્હી દરવાજા લીમડા ચોક ખાતે ઉતરેલ. આ મુસાફરી દરમ્યાનમાં અજાણી વ્યક્તિએ જીતેન્દ્રકુમારના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૩૩,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.પરમાર ચલાવે છે.

**મેઘાણીનગરઃ** અમીતાબહેન વા/ઓ નારાયણભાઇ પરમાર (ઉ.વ.૫૯)(રહે.ન્યુ કૃષ્ણકુંજ સોસાયટી કુબેરેશ્વર મહાદેવ સામે સૈજપુર બોઘા નરોડા રોડ) એ તા.૧૨/૯/૧૮ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૧૮ કલાક ૧૧/૪૫ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન મેમ્કો ચાર રસ્તાથી રત્નાસાગર ચાર રસ્તા સુધી ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષામા બેસેલ ત્રણ અજાણ્યા ઇસમો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ રિક્ષા ચાલકની મદદગારીથી અમીતાબહેનની નજર ચુકવી, તેમના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૩૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિધવ ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૮૫/૧૮</u>**

**નરોડાઃ** જયંતિભાઇ નરસિંહભાઇ મેઘાણી (ઉ.વ.૫૧)(રહે,રામેશ્વરપાર્ક ગૌરી સીનેમા પાસે સોનીની ચાલી ઓઢવ) તા.૧૨/૦૯/૧૮ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે સરદાર પાર્ટી પ્લોટની લાઇનમા દેવકુ નર્સરીની સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) જયંતિભાઇ સાથે બોલાચાલી કરી તેમના હાથમા પહેરલ સોનાની લક્કી કિમત રૂપિયા ૮૦,૦૦૦/- લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયંતિભાઇએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૬/૧૮**

**કૃષ્ણનગરઃ** લીલાબહેન વા/ઓ મધુભાઇ વઘારીયા (ઉ.વ.૫૫) (રહે. રામકૃષ્ણ સોસાયટી ઉત્તમનગરની બાજુમા નીકોલ ઠક્કરનગર રોડ) તા.૧૨/૯/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની ટાંકીમાં પાણી લેવા જતા ટાંકીમાં પડી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૭/૧૮**

**મેઘાણીનગરઃ** લક્ષ્મીકુમારી ડો/ઓ મહેંદ્રકુમાર ધાનુક (ઉ.વ.૧૮) (રહે. બાબુલાલ કેરોસીનની ચાલી ગંગાનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૯/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નરેંદ્રસિંહ દલપતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.